





# સાબરકાંઠાના ગોરઠીયા બૅરેજના ૧૧ દરવાજા ખોલાતાં સમગ્ર પંથકમાં બૂમરાણ મચી ગઇ

તલોદ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મોટાચેખલા-ટકાર માર્ગ ઉપર મેશ્વો નદીમાં આવેલા ગોરઠીયા બેરેજના ૧૧ દરવાજા આજે ખોલાતા ગોરઠીયા બેરેજમાંથી સંગ્રહાયેલા પાણીનો વેગીલો જળપ્રવાહ મેશ્વો નદીમાં એકાએક ધસી જતાં પંથકમાં બુમરાડ મચી જવા પામી હતી. ગોરઠીયા બેરેજના દરવાજા ટેસ્ટીંગ કામગીરી અંતર્ગત ખોલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે થોડીવારમાં જ તે બંધ કરી દેવાની તંત્રને ફરજ પડી હતી. પરંતુ દરવાજામાંથી મેશ્વો નદીના ખાલી પટમાં ધસી ગયેલા જળપ્રવાહે આંત્રોલી બૃહદ ચેકડેમના તૈયાર થઇ ગયેલા પાયાનો દાટ વાળી નાખ્યો હતો.

ગોરઠીયા બેરેજના દરવાજાનું ટેસ્ટીંગ કરવાની કાર્યવાહી અંતર્ગત આજે સવારે ૧૦ વાગ્યાના સુમારે સાયરન વગાડવામાં આવી હતી. બાદ ૧૧ વાગ્યાના સુમારે બેરેજના એક-એક કરી ૧૧ દરવાજાં ખોલવામાં આવ્યા હતા. જેથી તેમાં સંગ્રહાયેલા વિપુલ જળ જથ્થામાંથી ધસમસતા પાણી મેશ્વો નદીના પટમાં ફરી વળ્યા હતા. તંત્રના અધિક્ષક ઈજનેર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને દેખરેખ હેઠળ અધિક મદદનીશ ઈજનેરે દરવાજાં ખોલવાની ફરજ બજાવી હોવાનું જાણવા મળેલ છે. તંત્ર તરફથી કેટલાક દિવસ અગાઉ આ અંગેની જાણકારી આંત્રોલી બૃહદ ચેકડેમના બાંધકામ એકમને કે જાહેર પ્રજાજનને પણ પુરી પાડવામાં આવી નહિં હોઈ ભરઉનાળે ધગધગતા મેશ્વો નદીના પટમાં ધસમસતા ધસી આવેલા પાણી જોતાં એક તબક્કે લોકો ચિંતાતુર બન્યા હતા. શ્રમજીવીઓના બાળકોએ નદી પટ વિસ્તારમાં કાગારોળ મચાવી હતી.

ઉલ્લેખનીય છે કે, આંત્રોલી બૃહદ ચેકડેમ અંદાજિત રૂ. ૬૦ લાકના ખર્ચે તૈયાર થનાર છે. તા. ૨૨ નવેમ્બર-૨૦૧૧ના રોજ આ ચેકડેમનું ખાતમુહૂર્ત શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણે કર્યું હતું. ૪૦ મીટર લંબાઈ, ૯ મીટર પહોળાઈ અને ૨ મીટર ઊંડાઈ ધરાવનાર આ ચેકડેમના પાયાનું કામ પૂર્ણ થયું હતું. જેના ઈન્સ્પેકશન માટે એક-બે દિવસમાં જીઓલોજીસ્ટ પણ મુલાકાત લેવાના હતા.

આજે મેશ્વો નદીના પટમાં ધસી આવેલા આ અણધાર્યા જળપ્રવાહ નદીના પટમાં ટેટી, તડબૂચ અને ટામેટા જેવા ઉત્પાદનો કરતા પરિવારોના જીવ અદ્ધર કરી દીધા હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી. જોકે, સમયસૂચકતા અને સદ્‌નસીબને કારણે પંથકમાં મોટી હોનારત ટળી હોવાનું કઠવાડાના મહિલા સરપંચ રાજીબહેન એસ. પટેલે કહ્યું હતું. ઘટના સ્થળ સાયરન કેન્દ્ર દૂર હોઈ સાયરન વાગ્યા પાછળનું કારણ કેટલાક લોકોને સમજાયું ન હતું.... તો ક્યાંક સાયરનનો અવાજ આમ પ્રજાના કર્ણપટ પર પહોંચ્યો ન હતો...!! તદ્‌ઉપરાંત ભર ઉનાળે નદીમાં પાણી છોડવામાં આવશે તેવી કલ્પના પણ પ્રજામાનસમાં ઉદ્‌ભવી ન હતી. જેથી એક તબક્કે નદીમાં પાણી ફરી વળતાં ચકચાર મચી જવા પામી હતી.





પોલીયો રસીકરણ ના બીજા રાઉન્ડ ના કાર્યક્રમ માં આજે બાળકો ને પોલીયો ની રસી પીવડાવવામાં આવી હતી ઉપરોકત તસ્વીર માં બાયડ ખાતેના સમુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે બાળક ને પોલીયો ના બે બુંદ પીવડાવતા કર્મચારીઓ નજર પડે છે. (તસ્વીરઃ- સમીર બલોચ બાયડ)

## મેઘરજ ખાતે ૨૦૧૨માં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાના આડેધડ વહીવટથી પ્રજા ત્રાહીમામ

મેઘરજ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના મેઘરજ ખાતે યોજાયેલા ૨૦૧૨ના ગરીબ કલ્યાણ મેળાના મનસ્વી આયોજન અને આમ જનતાની પરિસ્થિતિને નજર અંદાજ કરી મુસાફરોની યાતનામાં વધારો કરી દેવાના દુષ્ટ કૃત્યથી આમ જનતામાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

વર્ષ ૨૦૧૨ ૧૧ એપ્રિલના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરનાર આયોજકોએ આ જનતાની તમામ પરિસ્થિતિઓને નજર અંદાજ કરી સખત તઘલખી નિર્ણયો લઈ ગરીબ કલ્યાણ મેળામાં પબ્લીક લાવવા માટે તા. ૧૦ એપ્રિલના રોજ નાઈટ આઉટ થતી તમામ બસો સવારે ૭ વાગ્યાના સમયે મેઘરજ બસ સ્ટેન્ડમાં ખડકી દેવામાં આવી હતી જેથી તા. ૧૧ એપ્રિલના રોજ આશરે ૫૦ બસોના રૂટો એકાએક બંધ કરી દેવાતા આ ગામડાની પ્રજાને હાલાકી ભોગવવી પડી છે તેના માટે શબ્દો ઓછા પડે તેમ છે. ઉપરાંત ગત તા. ૧૦ એપ્રિલના રોજ પોતાની ફરજ ઉપર ચઢેલા ડ્રાઈવર-કંકટરને ફરજીયાત પણે ૧૧ એપ્રિલના રોજ પોતાના તાબા હેઠળની બસના રૂટો કેન્સલ કરી વહીવટના આદેશ મુજબ ગરીબ કલ્યાણ મેળામાં ફાળવેલા રૂટો ઉપર જઈ આંટા ફેરા કરવા પડયા હતા. આમ મુસાફરો તથા સતત નોકરી સાથે કાળઝાળ ગરમીમાં કર્મચારીઓ પણ ખાવાપીવાના ઠેકાણા વગર ત્રાહીમામ પોકારી ઉઠયા હતા અને તંત્રના આ મનસ્વી આયોજન સામે ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.



કંબોઇ ખાતે માં રાજરાજેસ્વરી મા ભવાનીની નવીન બનાવેલ મંદિરમાં પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિ-દિવસીય માહોલ જોરદાર, ભક્તિમય, જામ્યો છે. રાત્રે ભજન, સંતવાણીના કાર્યક્રમો પણ યોજાય છે. ત્યારે ગઈકાલે ભવાની માતાજીના નવીન મંદિરેથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ઘોડાબગીઓ, રથ, બેન્ડવાજાંના સુર રેલાયા હતા.

**રક્તદાન મહાદાન**

## ગૃહિણીઓ ચિંતિત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઘરાકી જોવા મળી રહી છે. શિયાળામાં જેટલી વધુ ઠંડી તેટલો ઘઉંનો પાક વધુ અને સારો થાય છે. પણ, ગુજરાતમાં આ વર્ષે ઘઉંનો પાક ઘટ્યો છે. ગત વર્ષે ઘઉંના બમ્પર પાકથી પૂરતા ભાવ ન મળતાં ખેડૂતોએ ઘઉંનું ઓછું વાવેતર કરતા સરકારી અંદાજ મુજબ ગુજરાતમાં ઘઉના ઉત્પાદનમાં પચ્ચીસ ટકા જેવો ઘટાડો થયો છે. બજારના સૂત્રો કહે છે કે, અંદાજે ૩૭-૩૮ લાખ ટન (ગત વર્ષે ૫૦ લાખ ટન) ઉત્પાદન વચ્ચે ગુજરાતના ઘઉં દર વર્ષની માફક મહારાષ્ટ્ર અને મીલોમાં પહોંચી ગયા છે. આથી, ગુજરાતના લોકોએ મહદ્‌અંશે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને પંજાબના ઘઉં ખાવા પડશે. આ ત્રણ રાજ્યોમાં ઘઉંનો બમ્પર પાક થયો છે. સમગ્ર દેશમાં ઘઉંના ટેકાના ભાવમાં વધારો કરાયો છે. ગત વર્ષે ટેકાના ભાવ રૂ. ૧૧૭૦ હતા તે વધારીને રૂ. ૧૨૮૫ કરાયા છે. અન્ય રાજ્યોમાં પણ ટેકાના ભાવમાંવધારો કરાતા ખેડૂતોને ફાયદો થયો છે. જો કે, ખેડૂતોને ફાયદો થયો તેની સાથોસાથ વેપારીઓએ પણ સિઝનમાં કમાણી કરવા ઘઉંના ભાવ વધારી દીધા છે. ઘઉંના ભાવ આ વર્ષે ૨૦૦ થી ૩૦૦ ઉંચા છે. વેપારી સૂત્રો ઉમેરે છે કે, અમદાવાદ સહીત ગુજરાતમાં ટૂકડી, લોકવન, ભાલીયા અને દાઉદખાની ઘઉંની ખરીદી થાય છે. આ વર્ષે રૂ. ૧૫૦૦ થી ૩૦૦૦ના ભાવ વચ્ચે સિઝનમાં ધૂમ ખરીદી થઈ રહી છે. સૌરાષ્ટ્રમાં ખરીદી પૂર્ણ થવા તરફ છે. તો, અમદાવાદ સહીત ગુજરાતમાં ખરીદી શરૂ થઈ છે. અમદાવાદમાં મહદ્‌અંશે મધ્યપ્રદેશના સરબતી ટુકડી ઘઉંનો ઉપાડ મહત્તમ જણાય છે. તો, આર્થિક નિમ્ન વર્ગના લોકોમં પ્રમાણમાં સસ્તા પંજાબના ઘઉંની માંગ રહે છે. માલદાર વર્ગ દાઉદખાની અને ભાલીયા ઘઉં ખરીદે છે.

બજારના સૂત્રો કહે છે કે, ઘઉંના ભાવમાં વધારો થયો છે પણ સિઝનની ખરીદી ઉપર નોંધપાત્ર અસર જોવા મળતી નથી. ગુજરાતમાં સીઝનમાં મુખ્ય ખાદ્યાન્ન ખરીદવાની પરંપરા ગૃહિણીઓમાં જળવાઈ રહી છે. એક મહિના સુધી ઘઉંની સિઝન ચાલશે અને એમ.પી.,રાજસ્થાન અને પંજાબથી ઘઉંની આવકો વધતા ભાવમાં થોડો ઘટાડો થવાની ધારણા છે.

## પાંચ કુહાડાના વળાંક પરની વૃક્ષોની વિશાળ ડાળીઓ ભયજનક અનેક અકસ્માતો સર્જાયા

ધનસુરા, તા. ૧૫

ધનસુરા-વડાગામ માર્ગ ઉપર આવેલા પાંચકુહાડાના ખતરનાક વળાંક આગળ બે મોટા ઝાડના થડ અને તેની ડાળીઓ ઝૂકેલી હોવાથી નાના-મોટા તમામ મુસાફરોને દિવસ-રાત પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડે છે અને તેમને સતત ભયના માહોલ નીચે વાહન ચલાવવું પડે છે. આથી તંત્ર સત્વરે આ ભયજનક ઝાડને કપાવી માર્ગ ભયમુક્ત બનાવે તેવી માગણી વાહન ચાલકો કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર ધનસુરા વડાગામ રોડ ઉપર આવેલ પાંચકુહાડાના ખતરનાક વળાંક આગળ પહેલાં ગમખ્વાર અકસ્માત સર્જાતા હતા અને અનેક મુસાફરોએ અકસ્માતમાં પોતાના જાન ગૂમાવ્યા હતા. આ મામલે ધારાસભ્ય દિલીપસિંહ પરમારની રજૂઆત બાદ આ વળાંક પહોળો કરી બંને તરફ બમ્પ અને ડિવાઈડર બનાવ્યા બાદ અકસ્માતોનું પ્રમાણ ઘટ્યું હતું. પરંતુ આ જ વળાંક આગળ માર્ગની બાજુમાં જ બે મોટા ઝાડના થડ અને તેની ડાળીઓ ઝૂકેલી હાલતમાં હોવાથી વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આથી કંટાળી માર્ગ અને મકાન વિભાગને આ મામલે જાણ કરવામાં આવી હતી. પરંતુ આ સમસ્યાનો કોઈ નિકાલ ન આવતાં વાહન ચાલકોએ ઉગ્ર રોષ વ્યક્ત કરી માર્ગને ભયમુક્ત બનાવવાની માગણી કરી છે.

## ધનસુરા સિનીયર સિટીઝને બ્રહ્માણી માતા મંદિરે પાકો પતરાનો શેડ બનાવી આપ્યો

ધનસુરા, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાની સૌપ્રથમ રજિસ્ટર સંસ્થા ધનસુરા પ્રદેશ સિનીયર સિટીઝન ટ્રસ્ટના સહયોગ અને મદદથી બ્રહ્માણી માતા મંદિરે અંદાજે ૫૦ હજારના ખર્ચે સિમેન્ટના પતરાનો પાકો શેડ બનાવવામાં આવ્યો હતો. ધર્મપ્રેમી જનતામાં આનંદની જોવા મળી હતી.

વર્ષ દરમ્યાન અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતા ધનસુરા પ્રદેશ સિનીયર સિટીઝન ટ્રસ્ટના સભ્યોના સહકારથી ધનસુરાતળાવ ઉપરઆવેલ વિશાળ ધર્મશાળા સાથે બ્રહ્માણી માતા મંદિરમાં અંદાજે ૫૦ હજારના ખર્ચે સિમેન્ટના પતરાનો પાકો સુંદર શેડ બનાવી આપવામાં આવ્યો હતો. મંદિરમાં નવીન બંધાવેલ શેડના વિધિસર ઉદ્‌ઘાટન પ્રસંગે ક્રશર ઉદ્યોગના અગ્રણી રમણભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા અને ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ ટાણે શીકા, ભેંસાવાડા, આકરૂંદ, બુટાલ સહિત અનેક ગામના આગેવાનો અને સભ્યો જોડાયા હતા. ઉપરાંત આગામી સમયમાં ટ્રસ્ટ તરફથી મહારાષ્ટ્રના નાસિક, ત્રંબકેશ્વર, શીરડી અને સની સિંગનાપુર પ્રવાસનુંઆયોજન કરવામાં આવ્યું છે.

## આંબેડકર જયંતી નિમિત્તે પાલનપુર ખાતે ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા વ્યાખ્યાન અને ગૌરવયાત્રા યોજાઈ

પાલનપુર, તા.૧૫

ભાજપ સ્થાપના દિન ઉજવણી મહોત્સવ સમાપનની સાથે બંધારણના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ પ્રસંગે આજે બ.કાં. ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા પાલનપુર ખાતે વ્યાખ્યાન ગૌરવયાત્રા સાથે ડૉ. આંબેડકરજીની પ્રતિમાએ પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ભાજપ સ્થાપના દિન ઉજવણી સમિતિના જિલ્લા ઈન્ચાર્જ રાજેન્દ્ર જોષીના માર્ગદર્શન હેઠળ સવારે આનંદધામ ખાતે ડૉ. બાબાસાહેબના જીવન ચરિત્ર ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે શૈલેષભાઈ સોલંકીએ ડૉ. બી.આર. આંબેડકરના સંઘર્ષમય જીવનનો સવિસ્તૃત પરિચય કરાવી બિનસાંપ્રદાયિક સમાજના નિર્માણ સાથે રાષ્ટ્રની અખંડીતતા માટે અનુરોધ કર્યો હતો અને ભૂતકાળની કોંગ્રેસ સરકારે મહામાન રાષ્ટ્રીય નેતા ડૉ. આંબેડકરને દલિત સમાજના પુરતા સીમિત રાખવા કરેલા પ્રયાસોની ઝાટકણી કાઢી ડૉ. આંબેડકરના સિધ્ધાંતો, વિચારોને જીવનમાં ઉતારવા જણાવ્યું હતું. જિલ્લા પ્રમુખ ડૉ. કે.એસ. મોગરાએ પણ પ્રાંસગિક પ્રવચન કરી ભારતરત્ન ડૉ. આંબેડકરને દલિત સમાજના નહીં રાષ્ટ્ર અને તમામ સમાજના નેતા ગણાવી એક ક્રાંતિકારક સુધારક ગણાવ્યા હતા.

આ પ્રસંગે સ્વામી આનંદ રાજેન્દ્ર જોષીએ સમાજમાં વ્યાપ્ત જાતિ-ધર્મ સમાજના ભેદને દૂર કરવા જણાવી સામાજિક સમરસ સ્થપાય તે માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોને બિરદાવ્યા હતા અને સામાજિક ક્રાંતિ માટે શિક્ષણની અનિવાર્યતા જણાવી રાષ્ટ્રીય સંસ્કૃતિને વધુ દૈદિપ્યમાન બનાવવા શુભાશિષ પાઠવ્યા હતા.

આ પ્રસંગે અનુ. જાતિ મોરચાના પ્રદેશમંત્રી પ્રહલાદ પરમાર, મોરચાના પૂર્વ મંત્રી એન.ટી. રાઠોડ, યુવા અગ્રણી સુભાષભાઈ સોનેરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. વંદેમાતરમ સાથે વ્યાખ્યાનના થયેલા પ્રારંભે અનુ. જાતિના પ્રમુખ ચીમનભાઈ સોલંકીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોરચાના મહામંત્રી વિક્રમ માલોસણીયાએ કર્યું હતું.

વ્યાખ્યાન બાદ અનુ. જાતિ મોરચા દ્વારા ગૌરવયાત્રા યોજાઈ હતી. ડૉ. આંબેડકરની પ્રતિમા પાસે પહોંચી હતી અને ડૉ. આંબેડકર અમર રહો ના નારા સાથે ડૉ. બી.આર. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ન.પા.ના પ્રમુખ હર્ષાબેન મહેશ્વરી, ઉપપ્રમુખ હસમુખભાઈ પઢિયાર, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ ગજેન્દ્રભાઈ, મંત્રી ભગુભાઈ કુગશિયા, શહેર પ્રમુખ મહેશભાઈ ઠકકર, મહામંત્રી અનિકેતભાઈ ઠાકર, જયેશભાઈ દવે, જિ. ભાજપ કિ.મી.ના ઉપાધ્યક્ષ મહેશ દવે(જસરા) ન.પા.સેલના કન્વીનર રાજેન્દ્ર ડાભી, ભીખાભાઈ પરમાર, નાથીબેન પરમાર, લીલાબેન ભીલીયા, નટુભાઈ પરમાર, ગીરીશભાઈ પરમાર, કુસુમબેન રાવલ, દક્ષાબેન લીમ્બાચીયા, અશોકભાઈ મહેશ્વરી, નાગજીભાઈ દેસાઈ, પ્રતાપભાઈ જાની સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હોવાનું શહેર ભાજપ મીડીયા સેલના કન્વીનર પ્રકાશ પરમારે અખબારીયાદીમાં જણાવ્યું છે.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન